મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૯ ટકા
ગાંધીનગર તાપમાન

‘યુવાનો સકારાત્મક બને, વ્યસનમુકત બની રાષ્ટ્ર સેવા કરે’

આજે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ દેશભરમાં ‘રાષ્ટ્રીય યુવા દિન’ તરીકે ઉજવાશે : ગાંધીનગરના યુવાનો થકી કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓએ આજની યુવા પેઢીને આપ્યો સંદેશ

સમગ્ર દેશમાં આવતીકાલે તા. ૧૨મી જાન્યુઆરીએ ‘રાષ્ટ્રીય યુવા દિન’ ઉજવાશે. વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મદર્શનનો ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદની જન્મજયંતિને રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવવામાં આવે છે. હાલ ભારત એ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ યુવા નાગરિકો ધરાવતો દેશ છે. આજની યુવા શકિત પ્રત્યે રાષ્ટ્રની અઢળક અપેક્ષાઓ છે. ગાંધીનગરમાં યુવાન અનેક પ્રકારની સામાજિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં તેમનું યોગદાન આપી રહ્યા છે. યુવાનો વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના નેજા હેઠળ છેલ્લા કેટલાક સમયથી શહેરમાં સકારાત્મક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે તે સંસ્થાઓના પ્રતિનિધિઓ પાસેથી રાષ્ટ્રીય યુવા દિવસના પરિપ્રેક્ષ્યમાં આજના યુવાન તથા તેમની પ્રવૃત્તિ અંગે જાણવા પ્રયાસ કર્યો છે.

● દુનિયા તમને ત્યાં સુધી હરાવી નથી શકતી, જયાં સુધી તમે પોતે તમારાથી હારી ના જાઓ. આ સંદેશ સ્વામી વિવેકાનંદે જે યુવાન નાની નાની મુશ્કેલીથી ગભરાઈને હાર માની લે છે તેમના માટે આપ્યો હતો. ગમે તેવી મુશ્કેલી હોય પરંતુ જો તમે હિંમત, આત્મવિશ્વાસ અને ધીરજ જાળવી રાખશો તો મુશ્કેલી પરાસ્થ થશે. સાચો યુવા એજ છે જે મુશ્કેલી સામે લડીને ઈતિહાસ સર્જે છે. આજના યુવાનોએ સાહસિક બનવાની જરુર છે.

- પૃથક ઠકકર, ગૂંજ ફાઉન્ડશન

● જેમ જેમ તમે યુવાન થતા જાઓ તેમ તેમ તમારે વધુ જવાબદાર બનવું જોઈએ. દરેક કાર્યની અગત્યતા સમજી પોતાના લક્ષ્ય તથા સપના પરિપૂર્ણ કરવા માટે યોગ્ય દિશામાં મહેનત કરવી જોઈએ. યુવાનીનો આ અણમોલ સમય યોગ્ય કાર્ય માટે ઉપયોગમાં લેશો તો તમે દેશ કે સમાજમાં પરિવર્તન લાવી શકો તેટલા શકિતશાળી છો.

- સાહિલ પટેલ, મારું ગાંધીનગર

● આજના યુવાનોમાં પોતાના ભાવિ અંગે ગંભીરતાથી વિચારવા સાથે તેમનામાં જવાબદારી અને સમજણનો વધારો થયેલો જોવા મળે છે. ટેકનોલોજીના સહારે પોતાની વ્યવહારિક સૂઝનો ઉપયોગ કરી નવા રસ્તા શોધી લે છે, પરંતુ આ જ ટેકનોલોજી કયારેક તેમને ગેરમાર્ગે પણ દોરી જાય છે તેથી તેમણે જાગૃત બની ટેકનોલોજીના દૂરુપયોગથી બચવું જોઈએ. આ ઉપરાંત યુવાનોએ હંમેશા વડીલોની સલાહ લેતા રહેવું જોઈએ.

- લક્ષ્મી જોષી, પ્રયોશા ચેરિટેબલ ટ્રસ્ટ

● જનસેવા એજ પ્રભુસેવા ના જે જીવનમંત્ર પર સ્વામી વિવેકાનંદ ચાલ્યા તેને આજના યુવાનોએ અપનાવવાની જરૂર છે. સ્વામી વિવેકાનંદે દેશસેવામાં આપેલું યોગદાન આપણા પ્રાથમિક શિક્ષણમાં જ સમાવિષ્ટ હોય છે. તેમના સિધ્ધાંતો પર ભાર મૂકી યુવાનો તેમને વધુમાં વધુ સમજે તે જરુરી છે. આ સંદર્ભે અમારી સંસ્થા લેકાવાડાની સરકારી પ્રાથમિક શાળામાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરી રાષ્ટ્રીય યુવા દિન ઉજવાશે.

- હિમાંશુ સોલંકી, હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન

● આજની યુવા પેઢીએ શિક્ષણ તરફ વધુ ધ્યાન આપવું જરુરી છે. જેના થકી રાષ્ટ્ર અને સમાજ યોગ્ય વિકાસ સાધી શકે. યુવાનોમાં વ્યસનનું પ્રમાણ વધુ જણાય છે તેનાથી દૂર રહી સમાજમાં મર્યાદા જાળવી રાખવાની જરૂર છે. કુટેવો અને વ્યસનો છોડી શિક્ષણ, વિકાસ તથા રાષ્ટ્ર પ્રત્યે વધુ જવાબદાર બનો કેમ કે યુવા જ આપણા દેશનું ભવિષ્ય છે.

- પ્રતિક રામાનુજ, ઉડાન ફાઉન્ડેશન

● શિકાગોની ધર્મસંસદમાં સ્વામી વિવેકાનંદે વસુધૈવ કુટુમ્બકમ્ ની ભાવના અભિવ્યકત કરી હતી. આવા દીર્ઘદેષ્ટા, સર્વધર્મપ્રેમી તથા મહાન વ્યકિતત્વના માલિક એવા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની સાચી ઉજવણી ત્યારે થશે જયારે યુવાનો તેમના જીવનચરિત્ર પરથી બોધપાઠ લઈ તેમને અનુસરશે. માનવધર્મથી મોટો કોઈ ધર્મ નથી તથા એકબીજાને સાથ આપવો, અલગ થવું નહી તે સાથે શાંતિ અને કરુણા જ તેમનો સંદેશ હતો.

- ધવલ તન્ના, આપણું ફાઉન્ડેશન



● આજના યુવાનો અત્યંત પ્રતિભાશાળી છે, યુવાનોમાં કંઈક નવું કરી છુટવાની ધગશ ઉડીને આંખે વળગે તેવી છે. જો કે વ્યસનની કુટેવ આ યુવા પેઢીને નિર્બળ બનાવી રહી છે, યુવાનોએ વ્યસનથી મુકત થવાની જરૂર છે. આત્મવિશ્વાસથી ભરપુર આજની યુવા પેઢીએ પર્યાવરણ, ટ્રાફિક સેન્સ તથા સામાજિક જવાબદારી પ્રત્યે વધુ જાગ્રત બનવા સાથે જાતિ-જ્ઞાતિવાદથી મુકત બનવા પ્રયાસ કરવો જોઈએ.

- ભાવના રામી, હેપ્પી યુથ ક્લબ

● એક યુવા તરીક હું યુવાનોને કહેવા માંગુ છું કે તમે શકય હોય તેટલા જરૂરિયાતમંદને મદદરૂપ થાવ અને સેવાનું કાર્ય નિયમિત કરો. આપણે હકારાત્મક વિચાર સરણી અપનાવીએ અને રાષ્ટ્ર માટે ઉપયોગી કાર્યો કરીએ. વ્યસનથી દૂર રહીએ તથા જીવનમાં સ્વચ્છતાને અપનાવીએ. જો સરહદ પર સૈન્યના જવાન આપણી રક્ષા કરી રાષ્ટ્રધર્મ નિભાવતા હોય તો આપણે આટલું તો કરી શકીએ ને?

- સચિન ઠકકર, સ્કાય ગ્રુપ

● આજની યુવા પેઢીમાં માનસિક તણાવ વધુ જોવા મળે છે. જેની તકલીફ આવનારા સમયમાં પણ વધુ જોવા મળી શકે છે. આરોગ્ય ક્ષેત્રે આ બાબતે જાગૃતિની માંગ વધી રહી છે ત્યારે નવ યુવાન તબીબોએ આગળ આવી માનસિક જાગૃતિ તથા સોશિયલ નેટવર્કિંગની લતથી યુવાનોને બચાવવા પહેલ કરવી જોઈએ. આ પ્રકારના નાના-નાના પગલાં લઈ યુવાનો રાષ્ટ્ર નિર્માણમાં મોટો ફાળો આપી શકે છે.

- રોનક કડીયા, ગીફ્ટીંગ લાઈફ ફાઉન્ડેશન

કલોલ-માણસામાં આર.આર.સેલ. અને એસ.ઓ.જી.ના દરોડા

કલોલમાંથી આરઆરસેલે અને માણસામાંથી એસઓજીએ જુગારધામ પકડયુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર રેન્જ આઈજીપીની આર.આર.સેલે કલોલ અને ગાંધીનગર એસ.ઓ.જીની ટીમે માણસા ખાતે દરોડા પાડીને જુગારના અડ્ડાઓ પરથી જુગાર રમતા શકુનીઓને રંગે હાથ ઝડપી પાડયા છે. આરઆરસેલે ૨૩ હજારના મુદ્દામાલ સાથે પાંચ શકુનીઓની જયારે એસઓજીએ રૂ. ૭૪૬૦ના મુદ્દામાલ સાથે સાત શકુનીઓની ધરપકડ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર આરઆરસેલે આજે સાંજે કલોલ શાકમાર્કેટ નજીક જુના પેટ્રોલ પંપ, કલ્યાણપુરા પુલની નીચે આવેલી ખુલ્લી જગ્યામાં દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમી રમાડી રહેલ પાંચ શખ્સોને પકડી પાડયા છે. સલીમ હાસમ ચૌહાણ, કાળુ રમેશ ઠાકોર, રાજેશ રમણ ત્રિવેદી, મઝીદ ગફુર અન્સારી અને રાજુ અમૃત ઠાકોર મળી પાંચ શખ્સોને રૂ. ૨૩,૨૯૦ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જયારે મોહમંદ ઈસ્માઈલ મલેક ફરાર છે. તો બીજી તરફ ગાંધીનગર એસઓજીની ટીમે માણસા ટાઉનમાં રવિ ચેમ્બર્સની પાછળ ખુલ્લી જગ્યાએ દરોડો પાડી જુગાર રમી રહેલા સાત શખ્સોને પકડી પાડયા હતા. રાજુ શિવા ઠાકોર, અરવિંદ ઉર્ફે પ્રવિણ પુજારામ રાવળ, તુલશી વેરશી ગોહિલ, પોપટ બળદેવ ઠાકોર, આબેદ ઈબ્રાહીમ ખાટકી, ભીખા સોના ઠાકોર અને દિનેશ દશરથ ગોસ્વામી મળીને સાત શખ્સોની રૂ. ૭૪૬૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સિવિલમાં ૧ કરાર આધારીત નર્સની ભરતી માટે ૩૫ ઉમેદવારો ઉમટયા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં માત્ર ૧ કરાર આધારીત નર્સની જગ્યા ખાલી પડી હતી. જેના માટે આજે ઈન્ટરવ્યુ તંત્ર દ્વારા લેવામાં આવ્યા હતા. આ ઈન્ટરવ્યુમાં ૩૫ થી વધુ ઉમેદવારો આવી પહોંચ્યા હતા. સવારથી બપોર સુધી ઉમેદવારોની લાઈન જોવા મળી હતી. માત્ર ૧ જગ્યાની ભરતી માટે આટલી મોટીસંખ્યામા ઉમેદવારો આવતા જ બેકારી રાજયમાં કેટલી છે તેનો અંદાજ લગાવી શકાય તેમ છે.

સરકાર દ્વારા રાજયમાં શિક્ષિત બેરોજગાર ઉમેદવારો માટે મોટીસંખ્યામાં વિવિધ વિભાગમાં નોકરીની વિપુલ તકો ઉભી થાય તે માટે આયોજન કરવામાં આવ્યું હોવાની બણગા ફુકીને સુફીયાણી વાતો કરવામાં આવે છે. સરકારી નોકરી મેળવવા માટે મોટીમાત્રામાં ઉમેદવારો ઝંપલાવતા હોય છે. પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં આજે એક નર્સની જગ્યા માટે ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. દર માસના બીજા અને ચોથા ગુરુવારે ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. ત્યારે આજે રૂ.૧૧૫૦૦ના કરાર આધારીત ૧૧ માસની ભરતીમાં સવારથી જ ઉમેદવારો આવવાની શરુઆત થઈ ગઈ હતી. જયારે ૧૦ વાગ્યામાં તો કચેરી ઉમેદવારોથી ઉભરાતી હોય તેમ લાગી રહ્યું હતું. માત્ર ૧ ભરતી માટે અંદાજીત ૩૫ થી વધુ ઉમેદવારો આવી પહોંચ્યા હતા.જયારે કેટલાક ઉમેદવાર સંખ્યા જોઈને જ પરત ઘરે જવા રવાના થયા હતા. ૧૧ માસની કરાર આધારીત રૂ.૧૧૫૦૦ ની નોકરી માટે બીએસસી નર્સિંગ અને જીએનએમ કરેલ ઉમેદવારોએ લાંબી લાઈનો લગાવી હતી. જયારે ઈન્ટરવ્યુમાં બીએસસી નર્સિંગ કોર્ષના ઉમેદવારોની પ્રથમ પસંદગી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. પરંતુ એક તબક્કે ઈન્ટરવ્યુ લેનાર પણ આટલી મોટીસંખ્યામાં ઉમેદવારો ઉમટી પડતા ચોંકી ઉઠ્યા હતા.

વાતવાતમાં

● ડિસ્ટ્રીકટ હેલ્થ મિશનની ગર્વનીંગ બૉડીની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે યોજાશે. આ બેઠકમાં જિલ્લાના જાહેર આરોગ્ય લક્ષી જરૂરી મુદ્દે ચર્ચાવિચારણા હાથ ધરાશે.

● રાજયના પંચાયત મંત્રી જયદ્રથસિંહ પરમારની અધ્યક્ષતામાં શુકવારે જિલ્લા વિકાસ અધિકારીઓની ખાસ બેઠક મળશે. આ બેઠકમાં પંચાયત મંત્રી તમામ વિકાસ અધિકારીઓને સંબોધન કરશે.

● તાજેતરમાં ચુંટણીઓ દરમિયાન ઝડપાયેલો વિદેશી દારૂનો મોટો જથ્થો અડાલજ પોલિસ સ્ટેશન માટે કયાં મુકવો તે સમસ્યારૂપ બન્યો હતો. આ સમસ્યાને પગલે શુકવારે અડાલજ પોલિસ દ્વારા સુઘડ ગામની સીમમાં ૫ હજાર પેટી વિદેશી દારૂનો નાશ કરવામાં આવનાર છે.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે ફાયર સેફટીની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૧૧

સરગાસણમાં આવેલી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં ૯મી જાન્યુઆરીને મંગળવારના રોજ ફાયર સેફટી, ગાંધીનગરની ટીમે મુલાકાત લીધી હતી તેમજ ફાયર સેફટી અંગેની તાલીમ આપી હતી. આ તાલિમ દરમિયાન આગને લગતી બાબતો જેવી કે આગના પ્રકારો, આગને કાબુમાં કરવી તથા આગના સમયે કોઈ જાનહાનિ ના થાય તે માટેના ઉપાયો અને આગથી બચવાના પ્રયત્નો વિશે માહિતી આપી હતી. તેમજ ફાયર સેફટીમાં આવેલા મોનો એલ્યુમિનિયમ સલ્ફેટ ગેસનો ઉપયોગ શું અને તે કેવી રીતે આગને કાબૂમાં કરે છે તેની સમજ આપી હતી. શાળાના મેનેજીંગ ટ્રસ્ટી એમ.કે. દલસાણિયાએ ફાયર સેફટીની તાલીમ સાથે તેનો પ્રયોગ પણ કર્યો હતો. તમામ લોકોએ ઉત્સાહપૂર્વક તેમજ ધ્યાનથી તાલીમ મેળવી હતી.

કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ વિશે આજે નેશનલ વર્કશોપ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ વિશે નેશનલ વર્કશોપનું આયોજન આવતીકાલે તા. ૧૨મી જાન્યુઆરીના રોજ સવારે ૧૦ વાગ્યાથી મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, સેમિનાર હોલ નં.-૧ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંગ તથા અતિથિવિશેષ તરીકે વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ ઉપસ્થિત રહેશે.

જે.બી. પ્રાથમિક શાળામાં દાદા-દાદી સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા.૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં ૨૩મી ડિસેમ્બરથી ૨૮મી ડિસેમ્બર સુધી ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓના દાદા દાદી અને વાલીઓની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ગના તમામ બાળકોએ પોતાના દાદા દાદી અને માતા પિતાને કુમકુમનો ચાંદલો કરી પૂજન કર્યું હતું અને રોજે રોજ પગે લાગવાનો નિયમ લીધો હતો. ત્યારબાદ તેઓએ શાળાના શિક્ષકો સાથે બાળકોના વિકાસ અંગે ચર્ચા કરી હતી. મીટીંગમાં વિદ્યાર્થીઓના વાંચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકો અને વાલીઓ સાથે તેમના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી. શાળાના વિષય નિષ્ણાત શિક્ષકોએ તમામ વિષયમાં કેવી તૈયારી કરવી અને વિષયોના મહત્વ વિશે અને પરીક્ષાલક્ષી તથા શિસ્ત, નિયમિતતા અને સારા સંસ્કારનું ઘડતર થાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાલીઓએ પણ શાળાના શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે અભિપ્રાય રજૂ કર્યા હતા.

શાળામાં યોજાયેલ દાદા-દાદી સંમેલનમાં શાળાના આચાર્યા નીવા પટેલ અને શાળાના શિક્ષકો દ્વારા બાળકોનું જીવન પૂર્ણતા, શાંતિ અને સુખ તરફ વળે, પ્રેરણાબળ મળે તે માટે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન સહ સંસ્થાની માહિતી આપવામાં આવી હતી.

ભાવસાર મિત્ર મંડળ દ્વારા સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા તા. ૨૧મી જાન્યુઆરીના રોજ શૈક્ષણિક પારિતોષિક વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, નિવૃત્ત તેમજ બઢતી પામેલા કર્મચારીઓનો સન્માન સમારંભ યોજવામાં આવેલ છે. પ્રથમ અને બીજા ક્રમાંકે આવેલ વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવશે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨માં કાર્યક્રમ સવારે દશ કલાકે યોજાશે તેમ પ્રમુખ મહેન્દ્રભાઈ ભાવસાર અને મંત્રી જયપ્રકાશ ભાવસારે જણાવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. દોલુબા શતુજી ડાભી, ઉ.વ. ૮૧
- સ્વ. વાઘેલા હેમતુજી પ્રતાપજી, ઉ.વ. ૮૧

સરકારી જગ્યાઓ માટે ભરતીની રાહ જોતા બેરોજગારો

આચારસંહિતાથી અટકેલી ભરતી પ્રક્રિયા શરૂ કરાય તેવી લાગણી : વિવિધ વિભાગોમાં કર્મચારીઓની ઘટ પુરવા સરકારમાં તૈયારીઓ

ગાંધીનગર, તા.૧૧

રાજય સરકારની વિવિધ કચેરીઓમાં કર્મચારીઓની ભારે અછત સર્જાઈ છે. સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ થકી ભરતી થતી હોય છે. પરંતુ વિધાનસભાની ચુંટણીના કારણે અમલી બનેલી આચારસંહિતાથી ભરતી પ્રક્રિયા અટકાવી દેવી પડી હતી. જે ભરતી પ્રક્રિયા હવે શરૂ થાય તેવી આતુરતા બેરોજગારોમાં પેદા થઈ છે. જો કે સરકાર દ્વારા નિયુકત વિભાગોમાં કર્મચારીઓની ઘટ પુરવા ભરતી પ્રક્રિયાઓની તૈયારીઓ થઈ રહી હોવાનું જાણવા મળેલ છે. બેરોજગાર લાયકાતી અરજદારો ભરતી પ્રક્રિયા પૂર્વે તનતોડ મહેનત કરી પુર્ણ રીતે સજ્જ બન્યા છે.

સરકારી નોકરીમાંથી છેલ્લા ત્રણ થી ચાર વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં કર્મચારીઓ નિવૃત્ત થયેલા છે તેમજ નવા જિલ્લા અને નવા તાલુકાના અસ્તિત્વ સાથે કર્મચારીઓની જરૂરિયાત ઉભી થઈ છે તો બીજી તરફ વધતી જતી માનવવસ્તી સાથે કામગીરીનું પણ ખુબ જ ભારણ વધી ગયું છે. પરંતુ આ તમામ પરિબળોને નાથવા મેનપાવર એટલે કે કર્મચારીઓની ભારે અછત વર્તાઈ રહી છે. જે અંગે સરકાર પણ જાણે છે અને ચિંતીત છે જે માટે ભરતી કરવાની સરકારની પૂર્વતૈયારીઓ પણ રહી છે પરંતુ ચૂંટણી આચારસંહિતા થકી આ ભરતી પ્રક્રિયા અટકી ગઈ હતી. જે હવે મંત્રીમંડળના શપથ પછી શરુ થાય તેવા સંજોગો સર્જાયા છે.

રાજય સરકારની રાજયભરની વિવિધ કચેરીઓમાં સંખ્યાબંધ કર્મચારીઓની જરૂરિયાત ઉભી થઈ છે જે માટે સરકારના ગૌણ સેવા પસંદગી મંડળ તેમજ તેના સંલગ્ન વિવિધ ભરતી કાર્યાલયો દ્વારા આ અંગે ભરતી પ્રક્રિયા આંરભવાની તૈયારી કરી હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે અને બેરોજગાર યુવાનો પણ માહિતગાર હોઈ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. રાજયના પાટનગર સહિત અનેક શહેરોમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરાવતા કલાસીસ શરુ થયેલા છે. જેમાં પણ સ્પર્ધકો તૈયારીઓ કરી રહ્યા છે. રાજયમાં બેરોજગારોની વધતી જતી સંખ્યાથી ચિંતિત સરકારે અગાઉ મોટા પાયે વિવિધ વિભાગોમાં ભરતી કરી હતી અને હવે શરુ થનાર ભરતી પ્રક્રિયામાં પણ મોટી સંખ્યામાં ભરતી થનાર હોઈ અનેક બેરોજગાર યુવાનોને નોકરીમાં તક મળતા રોજગારીનો મોટો પ્રશ્ન હલ થઈ જશે તેવી આશા દેખાઈ રહી છે.